**International Journal of Advance and Applied Research**
www.ijaar.co.in
**ISSN – 2347-7075** **Impact Factor – 7.328**
**Peer Reviewed** **Bi-Monthly**
**Vol.9 No.6** **July – Aug 2022**

# ગતજીવન અને વર્તમાન જીવનના બે ભિન્ન બિંદુઓને આધારે નાયિકાની આંતર ચેતના પ્રગટાવતી વાર્તા - 'બા'

**ડૉ. રાજેન્દ્ર કે. મકવાણા**
**એસોસિયેટ પ્રોફેસર**
**એસ. આર. ભાભોર આર્ટસ કોલેજ, સીંગવડ**

આ વાર્તા 'બા'ના વ્યક્તિત્વનાં અનેકવિધ પહેલુઓને ઊજાગર કરે છે. ૬૫ની ઉંમરે પહોંચેલી એક સ્ત્રી ભારતીય પરિવેશમાંથી અમેરિકા જેવા આધુનિક દેશમાં રહેવા જાય છે ને ત્યાંની જીવનશૈલીને સરળતાથી અપનાવી લે છે. પોતાના નિજી જીવનની અનેક આશા-આકાંક્ષાઓને રસિકલાલ સાથે પરણીને સાકાર ન કરી શકેલી સ્ત્રીને હવે ૬૫ની ઉંમરે પતિના અવસાન પછી પુત્ર-પુત્રવધુ સાથે અમેરિકામાં રહેવા મળે છે. ઉંમરને આગળ લાવ્યા વિના કે તેનો ખ્યાલ કર્યા વિના આ સ્ત્રી અમેરિકન જીવનને તેની આધુનિકતાને પોતાના જીવનમાં સહજતાથી પ્રવેશવા દે છે અને એવા જીવનને ભરપૂરતાથી માણે છે. 'બા'ના ગતજીવન અને વર્તમાન જીવનના બે ભિન્ન બિંદુઓને દર્શાવી તેમની આંતરચેતનાનો સુંદર પરિચય લેખિકાએ કરાવ્યો છે.

પોતાની બહેનપણી સરલાને ત્યાં ગયેલી વાર્તાનાયિકા સોનલને તેની બહેનપણીની સાસુનો પરિચય થાય છે. પતિના અવસાનને કારણે દીકરા-વહુને ત્યાં અમેરિકા આવેલી આ સ્ત્રીનું વ્યક્તિત્વ લેખિકાએ આમ વર્ણવ્યું છે, "બાને મેં પહેલીવાર જોયાં. પાંસઠની આસપાસ ઉંમર હશે. એકવડો બાંધો. સફેદ વાળ. મોં પર તેજ ગૌર સ્નિગ્ધ ત્વચા. હમણાં જ પહેર્યો હોય એવો કડક સફેદ સાલ્લો. બંને હાથમાં સોનાની એક એક બંગડી. જોતાંની સાથે જ ગમી જાય એવું વ્યક્તિત્વ."(પૃ.૬૭, 'પન્નાનાયકનો વાર્તાલોક') આ બા યુવાવયે ઝ/ખેલી અને અધૂરી રહી ગયેલી કામનાઓને હવે અમેરિકામાં જીવે છે. કપ-રકાબીને બદલે મગમાં ચા લે છે. વાર્તાનાયિકાને 'બા'ને બદલે 'મમ્મી'નું સંબોધન કરવાનું કહે છે. અમેરિકાના પ્રકૃતિ સૌંદર્યને માણતાં બા-વાર્તાનાયિકાને જમવા માટે નદીકિનારાના કોઈ રેસ્ટોરન્ટમાં જવાનું કહે છે. અમેરિકન ખોરાક સેન્ડવિચ અને કોકને પણ સહજતાથી તે અપનાવી લે છે.

વાર્તાનાયિકા સાથેના વાર્તાલાપમાં ખ્યાલ આવે છે કે તેમનો પતિ રસિકલાલ નપુંસક હતા. તેમનો દીકરો રમેશ પણ રસિકલાલનું સંતાન નહોતો. તે તો રસિકલાલના ભાઈનું ફરજંદ હતો. 'બા' ખૂબ સાહજિકતાથી કહે છે કે તેમણે ઘણીવાર એવું ઈચ્છ્યું હતું કે તેમનો પતિ મૃત્યુ પામે. તેઓ રસિકલાલને છોડી શક્યાં હોત પરંતુ દીકરા રમેશને કારણે તેમ કર્યું નહીં. જીવનમાં અવા અરસિક પતિને કારણે ભોગવવાના રહી ગયેલા ઓરતા અમેરિકામાં પૂરા કરે છે. તેઓ જે રીતે હોટલના પચ્ચીસછવ્વીસની આસપાસના ધોળિયા વેઈટરને ધ્યાનથી જુએ છે તે તાથ પાર્સલ આપવા આવેલા વેનના ડ્રાઈવરને જુએ છે તેમાં તેમની પેલી અતૃપ્ત ઈચ્છાઓનું પ્રતિબિંબ ભળાય છે. વાર્તાનાયિકાને ત્યાં રોકાયેલાં 'બા' પંજાબી ડ્રેસ પહેરે છે ને અમેરિકા આવવા મળ્યું તેને સૌભાગ્ય ગણી કપાળમાં ઝીણો ચાંદલો કરે છે. પોતાની માની બિમારીને કારણે સોનલ-બાને છ મહિના પછી મળે છે તે સમયે બા પૂરાં અમેરિકન બની ગયાં છે જેમ કે, "ગાડી પાર્ક કરી નિયત ઠેકાણે હું ને અનુપમ પહોંચ્યાં ત્યારે દૂરથી મેં

જોયું તો પંજાબી ડ્રેસમાં, કાળા ટૂંકા વાળમાં, બટકું ભરેલી પિટ્ઝાની એક સ્લાઈસવાળો હાથ લંબાવી બા મને હાય કહેતાં હતાં.''(પૃ.૭૧, 'પન્નાનાયકનો વાર્તાલોક') પાંસઠની ઉંમરે પણ પોતાની અધૂરી ઈચ્છાઓને આનંદથી માણતાં બા એક આગવી છાપ ઊભી કરી જાય. વાર્તામાં બા ના જીવનની સંવેદનાઓનું બયાન તેમની ભીતરી ઈચ્છાઓનું પ્રતિબિંબ દર્શાવે છે.

સંદર્ભઃ

1. અનુઆધુનિકતાવાદ, સં. ભોળાભાઈ પટેલ, આવૃત્તિ વર્ષ : ૧૯૯૩
2. ટૂંકી વાર્તા અને ગુજરાતી ટૂંકી વાર્તા, સં. જયંત કોઠારી, આવૃત્તિ વર્ષઃ ૧૯૭૭
3. વાર્તાગોષ્ઠિ, લે. બાબુ દાવલપુરા, આવૃત્તિ વર્ષ : ૨૦૦૭